પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬૩ | ૩ ડિસેમ્બર, ૨૦૧૭, રવિવાર ; માગસર સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

કન્યાકુમારીમાં હજુ જળબંબાકાર

તમિળનાડુ-કેરળમાં ભારે વરસાદ જારી : જનજીવન સંપૂર્ણ ખોરવાયુ : સ્થિતીમાં સુધારો થવામાં એક સપ્તાહ લાગશે

ચેન્નાઇ,તા. ૨

દક્ષિણી તમિળનાડુ અને કેરળના દરિયા કાઠાના વિસ્તારોમાં અતિ ભારે વરસાદ જારી રહેતા જનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયુ છે. જો કે કેટલાક વિસ્તારમાં વરસાદ રોકાઇ જવાના કારણે બચાવ અને રાહત કામગીરી ઝડપી કરવામાં આવી હતી. હવામાન વિભાગે હજુ પણ ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. સૌથી વધુ અસરગ્રસ્ત કન્યાકુમારીમાં હજુ પણ પુર જેવી સ્થિતી સર્જાયેલી છે. અહીં હજારો

લોકોને સુરક્ષા દળોએ જાન પર ખેલીને બચાવી લીધા છે. કેરળમાં ૨૧૮થી પણ વધારે માછીમારોને બચાવી લેવામાં આવ્યા છે. અહીં મોતનો આંકડો વધીને આઠ ઉપર પહોંચી ગયો છે. તમિળનાડુમાં મોતનો આંકડો સાત ઉપર પહોંચી ગયો છે. બન્ને રાજ્યોમાં બારે વરસાદ અને વાવાઝોડા ઓખીને કારણે ૧૫ ઉપર પહોંચી ગયો છે. કન્યાકુમારીમાં હજુ પણ ભારે વરસાદ થઇ રહ્યો છે. જેથી નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થયેલા છે. અહીં ૪૦૦૦થી વધારે વીજ થાભળા તુટી ગયા છે. વીજળી વ્યવસ્થા ખોરવાઇ ગઇ છે.

● અનુસંધાન પાન-૫ પર

આજથી પ્રધાનમંત્રી બે દિવસ ગુજરાતમાં

એસજીવીપી ખાતે હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે : આજે ભરૂચ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને રાજકોટમાં સભા,સોમવારે ધરમપુર, ભાવનગર, જુનાગઢ અને જામનગરમાં કરશે પ્રચાર

ગાંધીનગર,તા. ૨

ગુજરાતમાં પ્રથમ તબક્કાના મતદાન આડે હવે માત્ર એક અઠવાડિયુ જ બાકી રહ્યું છે. ત્યારે પ્રચારમાં વેગ લાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે ફરી ગુજરાત આવી રહ્યાં છે. તેઓ બે દિવસ માટે જોરશોરથી પ્રચાર કરશે. રવિવારે પીએમ મોદી ભરૂચ, સુરેન્દ્રનગર, અમદાવાદ અને રાજકોટની મુલાકાત લેશે. જયારે સોમવારે એટલે કે ૪ ડિસેમ્બરના રોજ મોદી ધરમપુર, ભાવનગર, જૂનાગઢ અને જામનગરમાં વિદ્યુત વેગી પ્રવાસ કરી સભાઓ ગજાવશે.

રવિવારે મોદી રાજકોટમાં આવવાના છે અને ૧૫૦ ફુટ રીંગ રોડ પર સાંજે જંગી જાહેરસભાને સંબોધન કરશે. મોદીના આગમનને લઈને પોલીસ અને તંત્ર દ્વારા પૂરજોશમાં તૈયારી કરવામાં આવી રહી છે. બીજી તરફ શહેર ભાજપ મોદીની સભાને ઐતિહાસિક બનાવવાના કાર્યમાં લાગી ગયું છે. પ્રધાનમંત્રીના આગમનને લઈને શહેરમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. રવિવારે સાંજે અમદાવાદના જીપ્ફૅના એક કાર્યક્રમમાં પીએમ મોદી એક હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે.

મોદી ૪થી ડિસેમ્બરના રોજ વલસાડમાં ધરમપુરમાં તેમજ ભાવનગર, જૂનાગઢ અને જામનગરમાં પણ સભાને સંબોધન કરશે. મહત્વનું છે કે ૧૨ ડિસેમ્બર સુધીમાં તેઓ મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પ્રચાર કરવાના છે.

ન્યુઝ ટ્રેક

સલિલ પારેખ ઈન્ફોસિસના સીઈઓ

ઈન્ફોસિસે કેપજેમિનીના એક્ઝિક્યુટીવ સલિલ પારેખની સીઈઓ તરીકે નિમણુંક કરી છે. તેઓ પાંચ વર્ષ માટે આ હોદો સંભાળશે.

આતંકી હૂમલા બાદ પેશાવર કોલેજ બંધ

પાકિસ્તાનના પેશાવરમાં કૃષિ પ્રશિક્ષણ સંસ્થાન પર થયેલા આતંકી હૂમલામાં નવના મોત નિપજ્યા હતા. આ હૂમલા બાદ કોલેજને અનિશ્ચિત કાળ સુધી બંધ કરી દેવાઈ છે.

આંધ્રપ્રદેશમાં કાપૂ સમુદાયને અનામત

આંધ્રપ્રદેશ સરકારે વિધાનસભામાં સરકારી નોકરીઓ અને શિક્ષણ સંસ્થાનોમાં કાપૂ સમુદાયને પાંચ ટકા અનામત આપવાના કાયદાને મંજૂરી આપી છે. કાપૂ સમુદાય ઘણા લાંબા સમયથી અનામતની માંગ કરી રહ્યો હતો.

મહેબુબા મુફ્તી સતત છઠ્ઠી વખત પીડીપીના અધ્યક્ષ

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફ્તિને સતત છઠ્ઠી વખત પીડીપીના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યા છે. આગામી ત્રણ વર્ષ માટે તેમની નિમણુંક કરવામાં આવી છે.

રાબડી દેવીની ૭ કલાક લાંબી પુછપરછ

પટણા, તા. ૨

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવના પત્ની રાબડી દેવીની આજે ઈડી દ્વારા આકરી પુછપરછ કરવામાં આવી હતી. આશરે સાત કલાક સુધી રાબડી દેવીની પુછપરછચાલી હતી. રેલવે ટેન્ડર કૌભાંડના સંદર્ભમાં આ પુછપરછ કરવામાં આવી હતી. ઈડીએ તેની પટણા ઓફિસમાં રાબડી દેવીની પુછપરછ કરી હતી. આજ રેલવે ટેન્ડર કૌભાંડ કેસના સંદર્ભમાં પીએમએલએ કેસમાં ઈડી દ્વારા જારી કરવામાં આવેલા છ સમન્સ વેળા રાબડી દેવી ઉપસ્થિત ન રહા હતા.

આ કેસ ૨૦૦૫-૦૬માં બન્યો હતો. એ વખતે લાલુ યાદવ રેલવે પ્રધાન તરીકે હતા. સુત્રોએ દાવો કર્યો છે કે રાબડી દેવીએ પુછપરછ ને લઈને કેટલીક રજુઆત કરી હતી. પુછપરછના ભાગરૂપે રાબડી દેવી બપોરે ૧૨ વાગે ઈડીની પટણા ઝોન ઓફિસ પર પહુંચી ગયા હતા. તેમની સાથ તેમની મોટી પુત્રી પણ હતી.

સીવીલ એન્જીનીયર જોઈએ છે

- ગાંધીનગર ખાતે રહેનાર
- લાઈન આઉટ, પ્લાન તથા એસ્ટીમેટના અનુભવી
- કોમ્પ્યુટરના જાણકાર
- ઓનલાઈન ટેન્ડર ભરી શકનાર

સંપર્ક : ૭૯૮૪૬૨૯૩૬૧

મોકાની જમીન વેચવાની છે

કુડાસણ (ગાંધીનગર) માં કોમર્શીયલ ઝોનને અડીને આવેલ ૧૦૦ ફુટના મેઈન રોડ ઉપર આશરે ૧.૫૦ વીઘા જુની શરતની ખેતીની જમીન

રૂપાલ (ગાંધીનગર) માં ૪૫ વીઘા ખેતીની ઉપજ ધરાવતી એક ગોળાવાળી જૂની શરતની ખેતીની જમીન

ધોલેરા સરમાં આવેલ ટી.પી.સ્કીમ-એગ્રીકલ્ચર સંયુક્ત ઝોનમાં આવેલ ૧૬૦ વીઘા એક ગોળાવાળી જમીન

Mo : 98256 60658

બેસણું

અમારા નાના ભાઈશ્રી સ્નેહલભાઈ દવે ના ધર્મપત્ની અ.સૌ.નિમિષાબેન તા. ૨૬/૧૧/૨૦૧૭ના રોજ અવસાન પામ્યા છે. સદ્ગતનું બેસણું તા. ૦૪/૧૨/૨૦૧૭ને સોમવાર સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૮૬૫-૧, શીવશક્તિ મંદિરની પાસે, સેક્ટર-૭-સી, ગાંધીનગર

ભાવિનભાઈ હર્ષભાઈ દવે (જેઠ)
કુલદિપ ભાવિનભાઈ દવે (ભત્રીજા)
પુર્વાગ સ્નેહલભાઈ દવે (પુત્ર)

પીયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

શ્રી ગુણવંતભાઈ અંબાલાલ પટેલ સ્વ. અરૂણભાઈ અંબાલાલ પટેલ

વજન ઘટાડો ૧૦૦% ગેરંટી સાથે

ઘટ્યા પછી વધી નહીં તેની પણ ૧૦૦% ગેરંટી
મેદસ્વીતા, જરૂર કરતા વધારે વજન એ અનેક રોગોનું પ્રવેશદ્વાર છે. તેમાંથી મુક્તિ મેળવવા સંપર્ક કરો.

વૈદ્યશ્રી નંદકુમાર

મો. 8401433718, 9265439463

નોંધ : સારવાર સંપૂર્ણ આયુર્વેદિક છે. ઘરે બેઠા મેળવી શકાય છે.

નવું વર્ષ નવું પ્રભાત

શિક્ષણના વ્યાપારીકરણના અંતની શરૂઆત

કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે

પ્રકાશક : જાહેર પ્રચાર સમિતિ

નવસર્જન ગુજરાત

જાહેર આમંત્રણ

૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર

ગોવિંદજી હિરાજી સોલંકીના

મધ્યસ્થ કાર્યાલયોનું ઉદ્દઘાટન
તા. ૩-૧૨-૨૦૧૭ને રવિવારના રોજ રાખેલ છે.

મોટા ચિલોડા
સમય : સવારે ૯-૦૦ કલાકે
: સ્થળ :
૪૯-૫૦, શક્તિ કોમ્પલેક્ષ, નરોડા રોડ, ક્રિષ્ના હોસ્પિટલની સામે, ચિલોડા સર્કલ નજીક, ચિલોડા

અડાલજ
સમય : સાંજે ૪-૦૦ કલાકે
: સ્થળ :
અડાલજ વાવ રોડ, આકાશ કોમ્પલેક્ષની સામે, બાલાપીર ચોકડી, અડાલજ

આપનો કિંમતી અને પવિત્ર મત કોંગ્રેસને આપી-અપાવી વિજયી બનાવો...

નિમંત્રક :
ગોવિંદજી હિરાજી સોલંકી તથા ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ

મતદાન તા. ૧૪-૧૨-૨૦૧૭ I મતદાન સમય : ૮-૦૦ થી ૫-૦૦

નવસર્જન ગુજરાત

જાહેર આમંત્રણ

૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ઉમેદવાર

ડૉ. સી. જે. ચાવડાના

મધ્યસ્થ ચુંટણી કાર્યાલયનું ઉદ્દઘાટન
તા. ૦૩/૧૨/૨૦૧૭ને રવિવારના રોજ સાંજે
૫.૦૦ કલાકે કું.જાનકી ગટવીના વરદ્ હસ્તે રાખેલ છે.

મધ્યસ્થ કાર્યાલયના ઉદ્દઘાટન પ્રસંગે ઉત્તર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ફિલ્મ સ્ટાર રાજ બબ્બર તથા સંસદ સભ્ય મા.શ્રી પ્રમોદ તિવારીજી ઉપસ્થિત રહેશે તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તથા જિલ્લા કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે તો કાર્યાલયના ઉદ્દઘાટન સમારંભમાં સૌ ભાઈ-બહેનો અને કોંગ્રેસના તમામ કાર્યકરો-સમર્થકોને ઉપસ્થિત રહેવા અમારૂ હાર્દિક આમંત્રણ છે.

તારીખ : ૦૩-૧૨-૨૦૧૭, રવિવાર : સમય : સાંજે ૫.૦૦ કલાકે, સ્થળ : ૪૪૪-૩, સેક્ટર-૧૬, ઘ-૫ પાસે, પ્રજ્ઞા પેટ્રોલ પંપની બાજુમાં, ગાંધીનગર

નિમંત્રક
સૂર્યસિંહ ડાભી : પ્રમુખ, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ
શૈલેન્દ્રસિંહ બિહોલા : નેતા વિપક્ષ, મહાનગરપાલિકા ગાંધીનગર
રામાજી ઠાકોર : પ્રમુખ, જિલ્લા પંચાયત, ગાંધીનગર
ડૉ. કૌશિક શાહ : પ્રમુખ, ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ
બાબુજી ઠાકોર, પ્રમુખ ગાંધીનગર તાલુકા કોંગ્રેસ સમિતિ તથા ૩૬-ગાંધીનગર વિધાનસભા ચુંટણી પ્રચાર સમિતિ-ગાંધીનગર

RAJVEE®
FOOD CORNER
The Taste of Royal Essence

PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI

BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting

LIVE KITCHEN

Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in

design@imageink 9510254800

મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય
૩૬-ગાંધીનગર (ઉત્તર) વિધાનસભાના ઉમેદવાર
શ્રી કરણસિંહ વાઘેલા (એડવોકેટ)

❖ આપનું હાર્દિક સ્વાગત કરે છે ❖

-: જાહેર નિમંત્રણ :-

મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્દઘાટન

શ્રી વિષ્ણુભાઈ પટેલ

(પ્રમુખ : ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતી)
(ડીરેક્ટર : ગાંધીનગર નાગરિક બેન્ક)
ના વરદ્ હસ્તે રાખવામાં આવેલ છે.

નગરજનો, શહેરીજનો અને મત વિસ્તારના નાગરિકોને જાહેર આમંત્રણ આપવામાં આવે છે.

ઉદ્દઘાટન વિધિ :- તા. ૩-૧૨-૨૦૧૭, રવિવારના રોજ સવારે ૧૦ કલાકે

સ્થળ :- વિશાલ કોમ્પલેક્ષ, કેપીટલ સ્પોર્ટસની બાજુમાં, સેક્ટર-૨૪ ચાર રસ્તા, ગ-રોડ, ગાંધીનગર.